Received on : 05-03-2026
Registered on : 05-03-2026
Decided on : 20-03-2026
Duration : Y M D
- - 15

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં.૧૭૦/૨૦૨૬.</u>**

આંક–

**<u>અરજદાર.</u>** અલ્પેશભાઈ ભીમાભાઈ માધડ,
ઉ.વ.આ.૨૬,ધંધો–મજુરી,
રહે. પ્રદિપ સિનેમા પાસે બોર્ડીંગ વાસમાં,
સરકારી કુવાવાળી શેરી, તા.જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૦૯(૪), ૧૨૫(એ), ૧૩૧, ૧૧૫(૨), ૭૪, ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબ.

**સંદર્ભ :–** જુનાગઢ એ.ડીવી. પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૪૭/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એસ.કે.મહેતા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>-: હ રા વ :-</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૧૪૭/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૯(૪), ૧૨૫(એ), ૧૩૧, ૧૧૫(૨), ૭૪, ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર ડી.બી.જોષી, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.કે.મહેતાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૧૪૭/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૯(૪), ૧૨૫(એ), ૧૩૧, ૧૧૫(૨), ૭૪, ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીની તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં આ કામની ફરીયાદ ઘ્યાને લેતા અરજદાર/આરોપીએ ફરીયાદીને ગાળો આપેલ હોય તેવું બનેલ નથી. વધુમાં આ કામે ગુનાની ગંભીરતા વધારવા માટે રૂા.૨૫૦૦/- ની લુંટ કરેલ હોવાની હકીકત ફરીયાદમાં જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદ મુજબ ફરીયાદીના

હાથમાંથી રૂા.૨૫૦૦/– ઝુંટવી લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદી પૈસા હાથમાં લઈને ઉભેલા હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. વધુમાં આ કામની ફરીયાદ મુજબ આરોપીએ બનાવ વખતે છરી બતાવેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ હાલના કામના અરજદાર/આરોપી સામે જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો લગાડેલ નથી. વધુમાં હાલના કામે ફરીયાદી કે સાહેદોને ઈજા થયેલ નથી કે સારવાર લીધેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામની ફરીયાદ મુજબ અરજદાર/આરોપી સામે છેડતીનો આક્ષેપ કરેલ છે પરંતુ સામાન્ય રીતે ઝઘડો ચાલતો હોય ત્યારે ઝપાઝપીમાં બાવળું પકડવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં તે ખોટા હેતુથી તે હાથ પકડવામાં આવેલ છે તેવું કહી શકાય નહી. આમ, આ કામની ફરીયાદની સમગ્ર હકીકત ઘ્યાને લેતા ઈ.પી.કો.કલમ ૩૨૩ મુજબનો ગુનો બને. વધુમાં આ કામે એફ.આઈ.આર.ઘ્યાને લેતા ખોટી રીતે ગંભીર પ્રકારનો ગુનો ઉમેરેલ છે. અરજદાર/આરોપીને તેઓની વિધવા માતાની જવાબદારી રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે, કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, ડી.બી.જોષી, પોલીસ સબ ઈન્સ્પેકટર, જુનાગઢ એ.ડીવી.પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૫ નું સોગંદનામું ઘ્યાને લીધુ તથા રેકર્ડ ઘ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીએ આ કામના ફરીયાદી તથા સાહેદોને જેમફાવે તેમ ભુંડી ગાળો બોલતા ફરીયાદીએ તેને ગાળો બોલવાની ના પાડતા

ફરીયાદીની દીકરી અંજલીને પાણાનો છુટો ઘા મારી ઈજા કરી તેમજ આરોપીએ ફરીયાદીના ઘરમાં આવી ફરીયાદીની દીકરી અંજલીનું બાવળું પકડી ખેંચી છેડતી કરી ફરીયાદીના હાથમાં રહેલ પર્સમાના રોકડા રૂપિયા ૨૫૦૦ ની લુંટ કરી લઈ લીધેલ તેમજ ફરીયાદી તથા સાહેદોને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા અરજદાર/આરોપી સામે પ્રોહીબીશનના ૩ ગુનાઓ નોંધાયેલ છે. આમ, અરજદાર/આરોપી પ્રોહીબીશનના ગુનાની ટેવવાળા હોવાની ફરીયાદપક્ષની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા નકારી શકાય નહી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનું પ્રથમથી જ એફ.આઈ.આર.માં નામ રહેલ છે. તેમજ હાલના કામના અરજદાર/આરોપી પાસેથી તપાસ દરમ્યાન બનાવમાં ઉપયોગમાં લીધેલ છરી પણ કબજે કરવામાં આવેલ છે. તેમજ અરજદારને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો આવા પ્રકારની ગુનાહીત માનસિક ધરાવતા વ્યકિતેઓને પ્રોત્સાહન મળે તેમ છે. હાલના કામેનો ગુનો ધ્યાને લેતા સમાજ વિરોધી ગુનો રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતા ગંભીર પ્રકારનો ગુનો રહેલ છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયી જણાતું ન હોય જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

હાલના અરજદાર/આરોપી અલ્પેશભાઈ ભીમાભાઈ માઘડ, રહે. પ્રદીપ સિનેમા પાસે બોર્ડીંગ વાસમાં, સરકારી કુવાવાળી શેરી, તા.જુનાગઢવાળાની જુનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૧૪૭/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૯(૪), ૧૨૫(એ), ૧૩૧, ૧૧૫(૨), ૭૪, ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)